emani

ક્રમાંક : ધ/માધ્યમિક/પરચ/૨૦૨૦/ ૯૧૫૮-૨૨૨

કમિશનર શાળાઓની કચેરી,

બ્લોક નં. ૯/૧, ડૉ. જી.મ.ભવન,

ગુ.રા., ગાંધીનગર , તા ૦૪/૦૫/૨૦૨૦

પ્રતિ,

જિલ્લા શિક્ષણાધિકારીશ્રી ,

તમામ.

વિષય : રાજયની બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના કર્મચારીઓને નોવેલ કોરોના વાયરસ (કોવિડ-૧૯)ના સંક્રમણને નિયંત્રણમાં લાવવા "આરોગ્ય સેતુ" એપ ડાઉનલોડ કરવા તથા શાળાઓ શરૂ કરવા બાબત.

સંદર્ભ : સામાન્ય વહીવટ વિભાગના પરિપત્ર ક્રમાંક: પરચ/૧૦૨૦૨૦૫૦૧/ટ, તા.૦૨/૦૫/૨૦૨૦

ઉપરોક્ત વિષય અને સંદર્ભ પરત્વે જણાવવાનું કે, તાજેતરમાં ફેલાયેલ નોવેલ કોરોના વાયરસ ( કોવિડ-૧૯)ને નિયંત્રણમાં લાવવા ભારત સરકારના કર્મચારીગણ મંત્રાલય અને આરોગ્ય પરિવાર કલ્યાણ મંત્રાલય દ્વારા લેવાની થતી તકેદારી સંદર્ભમાં વખતોવખત સૂચનાઓ પરિપત્રિત કરેલ છે.

સામાન્ય વહીવટ વિભાગના સંદર્ભમાં જણાવેલ તા. ૦૨/૦૫/૨૦૨૦ના પરિપત્રથી રાજય સરકારની સેવામાં હોય તેવા તમામ અધકારી/કર્મચારીઓ(આઉટસોર્સથી રાખવામાં આવેલ સ્ટાફ સહિત)એ તેમના મોબાઇલ ફોનમાં તાત્કાલિક " આરોગ્ય સેતુ " એપ ડાઉનલોડ કરવા અને તેની સૂચનાઓ મુજબ કાર્યવાહી કરવા જણાવવામાં આવે છે.

આથી રાજયની તમામ બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના કર્મચારીઓને સામાન્ય વહીવટ વિભાગની સૂચનાનુસાર તાત્કાલિક અસરથી " આરોગ્ય સેતુ " એપ ડાઉનલોડ કરવાની કાર્યવાહી કરવા અંગે જણાવવામાં આવે છે.

(એચ.એન.ચાવડા)

સંયુકત શિક્ષણ નિયામક

(માધ્યમિક)

ગુ.રા., ગાંધીનગર

બિડાણ : ઉપર મુજબ.

Scanned by CamScanner